# ગુડા માર્ચના બીજા સપ્તાહમાં એક રહેણાંક અને ત્રણ કોર્મશિયલ પ્લોટની હરાજી કરશે

**કુડાસણમાં એક કોર્મશિયલ પ્લોટ અને સરગાસણમાં એક કોર્મશિયલ તેમજ રહેણાંકના પ્લોટની હરાજી કરાશે : વાવોલમાં પણ એક કોર્મશિયલ પ્લોટની હરાજી થશે : આગામી તા ૧૦ અને ૧૧ માર્ચના રોજ હરાજીની પ્રક્રીયા હાથ ધરાશે : કુડાસણમાં અગાઉ ઉંચા ભાવે પ્લોટ ખરીદી રકમ ન ચુકવાતા ડિપોઝીટ જમા કરી દેવાઇ હતી**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આગામી તા ૧૦ અને ૧૧ માર્ચના રોજ પ્લોટની હરાજી કરવામાં આવશે ગુડા દ્વારા કુડાસણમાં એક કોર્મશિયલ અને સરગાસણમાં એક કોર્મશિયલ તેમજ રહેણાંક પ્લોટની હરાજી કરવા પ્રક્રીયા હાથ ધરાશે. આ ઉપરાંત વાવોલમાં પણ એક કોર્મશિય પ્લોટની હરાજી કરાશે. અગાઉ કુડાસણમાં ઉંચા ભાવે પ્લોટ ખરીદનાર રકમ ન ચુકવી શકતા તગડી ડીપોઝીટ પણ ગુડાએ જમા લીધી હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામોને વેગ આપવાનુ આયોજન કરાયુ છે. ગુડા વિસ્તારમાં હાલ નવા આવાસો બાંધવા સહીત બગીચા નિર્માણ તેમજ નર્મદાનુ પાણી ઘરે ઘરે પહોંચતુ કરવા માટેની કાર્યયોજના સંદર્ભે પણ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે ગુડાનો મોટાભાગનો વિસ્તાર હવે કોર્પોરેશનમાં સમાવિષ્ટ થઈ જતા ગુડાએ આવકના નવા સ્ત્રોત ઉભા કરવા માટે પણ પ્રયાસો હાથ ધર્યા છે. જેમાં દુકાનોની હરાજી માટે પણ આયોજન કરાયુ છે. આ ઉપરાંત ગુડા હસ્તકના રહેણાંક અને કોર્મશિયલ પ્લોટસની પણ હરાજી કરી ગુડા આવક ઉભી કરવાની દીશામાં તબક્કાવાર આયોજન કરવામાં આવી રહ્યુ છે. ગુડા દ્વારા આગામી તા ૯ અને ૧૦ માર્ચના રોજ વિવિધ ટી પી વિસ્તારમાં સ્થિત કુલ ચાર પ્લોટની હરાજી કરવામાં આવશે. જેમાં એક રહેણાંકનો અને અન્ય ત્રણ કોર્મશિયલ પ્લોટનો સમાવેશ થાય છે. જેમાં કુડાસણમાં ૧૨૫૭૩ સ્કવેર મીટરના એક કોર્મશિયલ પ્લોટની હરાજી કરાશે જેની અપસેટ કીંમત પ્રતિ સ્કવેર મીટર રૂ ૯૦૪૦૦ નિયત કરાઈ છે.

જયારે કોર્મશિયલ પ્લોટની કીંમત એક અબજથી વધુ થવા જાય છે. જયારે સરગાસણમાં રહેણાંક માટેના ૭૧૮૬ સ્કવેર મીટરના પ્લોટની પણ હરાજી કરાશે આ માટે પ્રતિ સ્કવેર મીટરની કિંમત ૭૯૧૦૦ નિયત કરવામાં આવી છે. આ બન્ને પ્લોટ માટેની પ્રક્રીયા આગામી તા ૯ માર્ચના રોજ હાથ ધરાશે જયારે તા ૧૧ માર્ચના રોજ પણ ટી પી ૭ સરગાસણમાં ૯૪૮૨ સ્કવેર મીટરના એક કોર્મશિયલ પ્લોટની હરાજી માટે ગુડાએ પ્રતિ સ્કવેર મીટર ૧૨૦૦૦૦ની કીંમત નક્કી કરી છે. આ ઉપરાંત વાવોલમાં પણ ૧૭૮૮ સ્કવેર મીટરના એક કોર્મશિયલ પ્લોટ માટે ઈ ઓકશનની પ્રક્રીયા હાથ ધરાશે જેની કીંમત પણ રૂ ૫ કરોડથી વધુ થાય તેમ છે. ગુડા વિસ્તારમાં પ્લોટની હરાજીનુ આયોજન થતા બિલ્ડરોની નજર પણ આ તરફ મંડરાઈ છે.

ન્યુ ગાંધીનગરમાં વિકાસની પ્રક્રીયા તેજ બની છે. જયારે ગુડાએ પણ હવે પ્લોટસની હરાજી માટે ગતિવિધિઓ શરૂ કરતા નવા રહેણાંક અને કોર્મશિયલ બિલ્ડીંગો પણ અસ્તિત્વમાં આવશે. અગાઉ કુડાસણમાં એક કોર્મશિયલ પ્લોટ હરાજી દરમિયાન ખુબ ઉંચી કીંમતે વેચાણ થયો હતો જયારે પ્લોટ ખરીદનાર પૈસા પુરા ચુકવી ન શકતા ડીપોઝીટ પણ ગુમાવાનો વારો આવ્યો હતો.



ડિફેન્સ એક્સ્પો : ગાંધીનગરમાં ૧૦મી માર્ચથી ત્રિદિવસીય ડિફેન્સ એક્સ્પો યોજાનાર છે... પ્રધાનમંત્રી સહિત ૭૦૦ ડેલીગેટ્સ જેમાં ભાગ લેવાના છે એવા એક્સ્પો માટે ગાંધીનગરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... મહાત્મા મંદિર અને સેકટર-૧૧ તથા એકઝીબીશન સેન્ટર ખાતે તંત્ર દ્વારા પૂરજોશમાં તૈયારીઓ આરંભી છે...

# મનપા દ્વારા ૧૫ કરોડના મિલ્કત વેરાની ઉઘરાણીથી પાટનગર યોજના ભવન ત્રસ્ત

**શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના ૧૩ હજાર આવાસોનો મિલ્કત વેરો ચુકવવા કોર્પોરેશન સતત પાટનગર યોજના પાસે ઉઘરાણી કર છે : આવાસોની જમીન માલિકી કોર્પોરેશનની નથી : પાણી ગટર વ્યવસ્થા પણ તંત્ર સંભાળે છે ત્યારે મિલ્કત વેરાના મામલે સરકાર કક્ષાએથી આખરી નિર્ણય થાય ત્યારબાદ કાર્યવાહી હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ શહેરમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોનો મિલ્કત વેરો વર્ષોથી ચુકવવામાં આવ્યો નથી જયારે આ મામલે કોર્પોરેશન સતત પાટનગર યોજના ભવન પાસે મિલ્કત વેરાની ઉઘરાણી કરે છે. બીજીતરફ આ આવાસોના જમીનની માલિકી કોર્પોરેશનની ન હોવાની સાથે પાણી ગટર વ્યવસ્થાપન પણ પાટનગર યોજના વિભાગ હસ્તક હોવાથી મિલ્કત વેરા મામલે સરકારનુ માર્ગદર્શન મેળવીને નિર્ણયના અંતે આગળ કાર્યવાહી કરવાનો નિર્ણય લેવાયો છે.

ગાંધીનગર કોર્પોરેશન દ્વારા દરવર્ષે નગરના સરકારી આવાસો અન્વયે મિલ્કત વેરાની ઉઘરાણી કરવામાં આવે છે. માર્ગ મકાન વિભાગ કક્ષાએથી કોર્પોરેશનના આ વેરાની રકમ છેલ્લા એક દાયકાથી ભરપાઈ કરવામાં આવતી ન હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિ વચ્ચે મહાનગરપાલિકાને અંદાજિત રૂ ૧૩ કરોડનો વેરો ચુકવવાનો બાકી છે. મિલ્કત વેરાની વારંવાર ઉઘરાણીના અંતે પણ સ્થિતિ યથાવત રહેતા વિભાગના અધિકારીઓએ પણ સરકારનુ માર્ગદર્શન માંગવામાં આવ્યુ છે. જયારે આ બાબતમાં જમીન પાણી, ગટર બધુ વિભાગનુ હોય તો મહાનગરપાલિકા વેરા માટે કઈ રીતે હકદાર બની શકે તેવો પ્રશ્ન પણ ઉઠવા પામ્યો છે. અગાઉ નીતિન પટેલ માર્ગ મકાન મંત્રી હતા તે સમયે મહાનગર પાલિકા દ્વારા સરકારી મિલ્કતોને અનુલક્ષી કરાતી મિલ્કતર વેરાની ઉઘરાણી મામલે અકળાયા હતા. મહાપાલિકા ખુદ વિભાગની મિલ્કત બહુમાળી ભવનમાં કાર્યરત હોવાનુ પણ જણાંવ્યુ હતુ. જો કે આ બાદ પણ કોર્પોરેશન દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## અમદાવાદ બ્લાસ્ટ કેસમાં ૧૪મીએ સજા સંભળાવાશે

**૪૯ આરોપી દોષિત, રાજ્ય સરકાર દ્વારા આકરી સજાની માગણી, કોર્ટે બચાવ પક્ષને ૨૪ કલાકનો સમય આપ્યો હતો**

અમદાવાદ,તા.૧૧

આજે અમદાવાદ બ્લાસ્ટ કેસના દોષિતોની સજા પર થોડીવારમાં સુનાવણી શરૂ થઈ હતી. ત્યારે ૨૦૦૮ સિરિયલ બ્લાસ્ટ કેસમાં આજની સુનાવણી વિશેષ અદાલતમાં પૂર્ણ થઈ હતી. વધુ સુનાવણી સોમવારે ૧૪ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે. આજની સુનાવણીમાં વિશેષ અદાલતે દોષિતોનો પક્ષ સાંભળ્યો હતો. ત્યારે સોમવારના રોજ આરોપીઓના વકીલ વિશેષ અદાલત સમક્ષ રજુઆત કરશે. સુનાવણીમાં બોમ્બ બ્લાસ્ટ કેસના તમામ ૪૯ દોષિતો કોર્ટમાં વર્ચ્યૂઅલી હાજર રહ્યા હતા. દોષિતોને સાંભળ્યા બાદ તેમની સજાનું એલાન થશે. બ્લાસ્ટ કેસમાં ૪૯ દોષિતોને સાંભળી સજાનું એલાન થશે. કેસની અંતિમ સુનાવણી બાદ સજાનું એલાન થશે. ૨૮ આરોપીને પુરાવાના અભાવનો જાહેર નિર્દોષ કરાયા છે.

બચાવ પક્ષના વકીલો આજે આરોપીઓના પુરાવા રજૂ કરશે. મેડિકલ ડિટેલ અને અન્ય ડોક્યુમેન્ટ્સ રજૂ કરવા કોર્ટ બચાવ પક્ષને સમય આપ્યો હતો. સજા મુદ્દે આરોપીઓને જે રજુઆત કરવી હોય એ કરી શકે છે તેવી કોર્ટે ટકોર કરી. બચાવપક્ષ દ્વારા દોષિતોના મેડિકલ, શૈક્ષણિક લાયકાત અને ઘરની પરિસ્થિતિ અંગેની વિગતો કોર્ટમાં રજૂ કરશે. ૪૯ દોષિતોના બચાવપક્ષના વકીલોને કોર્ટ સાંભળશે.

# જુના બીલ મુજબ પણ પાણી ગટર વેરો સ્વીકારવા માટે રજુઆત

**નવા બીલ ન મળ્યા હોય તેવા કિસ્સામાં જુના બીલ પ્રમાણે વેરો વસુલી વળતરનો લાભ આપવો જોઇએ : બીલના અભાવે જોડાણકર્તાઓને ધક્કા ખાવા પડે છે**

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં પાણી ગટર વેરા સંદર્ભે બીલ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જયારે હાલ તંત્ર દ્વારા વેરો પણ વસુલવામાં આવી રહ્યો છે. પાણી ગટરના જોડાણ સંદર્ભે અંદાજિત ૨૬ હજાર જોડાણકર્તાઓ પાસેથી કુલ રૂ ૨.૨૫ કરોડના માંગણા મુજબ વેરો વસુલવામાં આવે છે. જયારે માર્ચ મહીનામાં વેરાની ચુકવણી બદલ યોગ્ય વળતર પણ આપવામાં આવે છે. જયારે હાલ નવુ બીલ ન મળ્યુ હોય તેવા કિસ્સામાં જુના બીલના આધારે વરો ન સ્વીકારવામાં આવતા નાગરિકોએ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. આ સ્થિતિ વચ્ચે જુના બીલ મુજબ પણ વેરો સ્વીકારવામાં આવે તેવી પ્રબળ માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં પાણી ગટર વેરાની વસુલાત મામલે સેકટરોમાં બિલ વિતરણ શરૂ કરી દેવાયુ છે. દરવર્ષે ફેબ્રુઆરી મહીનામાં બીલનુ વિતરણ કરાયા બાદ માર્ચ મહીનામાં વળતરના લાભ આપવામાં આવે છે. જેના લીધે માર્ચ મહીનામાં વેરાની ચુકવણી માટે જોડાણકર્તાઓમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. જો કે દર વર્ષે પાણી ગટર વેરા વસુલાત સંદર્ભે માત્ર ૫૫ ટકા જેટલી જ કામગીરી થાય છે. શહેરમાં અંદાજિત ૨૬ હજારથી વધુ જોડાણકર્તાઓ પાસેથી રૂ ૨.૨૫ કરોડનુ માંગણુ નિકળે છે. પરંતુ પુરતી વસુલાત ન થતા વેરા વસુલાત ક્ષેત્રે દરવર્ષે નબળુ ચિત્ર ઉપસી આવે છે. પાણી ગટર વેરા સંદર્ભે જુના બાકીદારોનો આંકડો પણ ઉંચો છે. હાલ શહેરમાં વેરાના બિલનુ વિતરણ કરવામાં આવી રહ્યુ છે. જયારે મોટાભાગના બાકીદારોને બીલ ઘરે પહોંચતા થાય તે માટે અગાઉ ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી બિલ વિતરણની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ હાલ નવા બિલ જે જોડાણકર્તાઓને ન મળ્યા હોય

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં કેસોમાં ઘટાડો : નવા ૨૯ કેસ

**દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૧૧, કલોલમાં ૧૩ અને માણસામાં ૪ કેસ નોંધાયા : ૩૪૦થી વધુ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ કેસ નોંધાયા છે. ગઈકાલની તુલનામાં કેસોની સંખ્યામાં ૫૦ ટકાનો ઘટાડો નોંધાતા તંત્રએ રાહતનો દમ લીધો હતો.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો સાથે કુલ કેસોની સંખ્યા ૪૧૦૦ને પાર કરી ગઈ છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૪ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધ-ઘટથી તંત્રની ચિંતા વધી છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૧૩ મહિલા દર્દીઓમાં ૭ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ૩ વિદ્યાર્થીઓ, બે સરકારી કર્મચારી અને બે ખેડૂત પણ સંક્રમિતોની યાદીમાં છે. ૪ દર્દીઓ ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

કલોલના ધાનજમાં ૫ વર્ષની દિકરી સંક્રમિત થઈ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વયસ્કો, મહિલા અને બાળકો સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૧, ગાંધીનગરમાં ૧૧, કલોલમાં ૧૩, માણસામાં ૪ કેસ નોંધાયા છે.

દહેગામમાં પાટનાકુવા ખાતે એક સરકારી કર્મચારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર તાલુકામાં છાલા, શાહપુરમાં ૨-૨ કેસ ઉપરાંત સાદરા, માધવગઢ, રૂપાલ, પીંપલજ, ઉનાવા, અડાલજ, ફિરોઝપુરમાં પણ કેસો નોંધાયા છે.

કલોલમાં ધાનજ ગામે ૩ કેસ, કલોલ શહેરમાં ૩ ઉપરાંત બોરીસણા, જાસપુર, ધાનજ, નારદીપુર, રાંચરડા, સઈજમાં કેસ નોંધાયા છે. નાસ્મેદ ગામે પણ વધુ ૨ કેસ નોંધાયા છે.

માણસા તાલુકામાં માણસા શહેરમાં બે કેસ તેમજ મહુડી અને પુંધરા ગામે કેસો નોંધાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૭૫ કેસ

**૪ બાળદર્દી નોંધાયા : ૩૩ મહિલા દર્દી, ૧૨ દર્દી ૬૦ કે તેથી વધુ વયના : શહેરમાં નોંધાયેલ કેસોમાં ગ્રામ્ય વિસ્તાર કુડાસણમાં ૧૩, સરગાસણમાં ૮, રાયસણમાં ૯, પાલજ અને પેથાપુરમાં ૬-૬ કેસ નોંધાયા : શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૭ અને સે. ૩૦ માં ૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસો આજે ઘટીને ૭૫ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૯૭૦૦ને પાર કરી ગઈ છે.

શહેરમાં કોરોનાના કેસોમાં થઈ રહેલી વધ-ઘટથી તંત્ર ચિંતામાં છે. લોકો જો કે સંક્રમણ ઘટતાં બિન્દાસ્ત બન્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રએ કર્યો છે અને આ રેટ ૮૭ ટકાએ પહોંચ્યો હોવાનું જણાવ્યુ છે. આજે શહેરમાં ૨૦૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ કેસોમાં એક દર્દીને સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૩૩ મહિલા દર્દીઓ છે. ૧૨ દર્દી ૬૦ કે તેથી વધુ વય ધરાવતા છે. જ્યારે ૭ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયના છે.

શહેરમાં ત્રીજી લ્હેરમાં મહિલા દર્દીઓ વધુ નોંધાઈ છે. શહેરમાં મહિલા, વયસ્કો અને બાળ દર્દીઓ વધતાં તંત્રમાં ચિંતા વધી છે.

શહેરમાં આજે ૪ દર્દી ૧૦ કે તેથી ઓછી વયના નોંધાયા છે. રાયસણમાં આજે વધુ બે બાળકો સંક્રમિત થયેલા જણાયા છે.

શહેરમાં આજે સે. ૨૩ માં ૭ વર્ષની દિકરી, રાયસણમાં ૯ વર્ષનો દિકરો, રાયસણમાં ૮ વર્ષનો દિકરો તો કુડાસણમાં ૩ વર્ષની દિકરીનો સંક્રમિતોમાં સમાવેશ થાય છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં જોઈએ તો સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં કુડાસણમાં ૧૩, સરગાસણમાં ૮, રાયસણમાં ૯, પાલજ અને પેથાપુરમાં ૬-૬ કેસનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ઈન્ફોસીટી, ધોળાકુવા, વાવોલ, આઈઆઈટી, રાંદેસણમાં પણ કેસ નોંધાયા છે.

શહેરના સેક્ટરોમાં સે. ૨ માં ૭ અને સે. ૩૦ માં ૩ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત સે. ૧૯, ૨૦, ૩, ૪, ૨૭, ૧૬ માં ૨-૨ કેસ તેમજ સે. ૫, ૨૩, ૨૨ અને ૨૮ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૨૦૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજર ૮૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં મોટા ભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

# સે-૬ના જટીલ પ્રશ્નોના નિરાકરણ માટે સેકટરવાસીઓ એક જુથ થઈને રજુઆત કરશે

**સેકટરવાસીઓનુ સંગઠન મજબુત બનાવવા માટે આજે સવારે સે-૬ના બગીચામાં બેઠક યોજાશે : સેકટરમાં પુરતા ફોર્સથી પાણી આવતુ નથી આંતરિક માર્ગો ઉબડ ખાબડ હાલતમાં : દબાણો વધતા જાય છે : ઝુંપડાવાસીઓની સંખ્યા પણ વધુ**

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરને સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. સ્માર્ટ સીટીની સોહામણી ઓળખ ઉભી કરવા અવનવા વિકાસ કામોને અંજામ આપવામાં આવી રહ્યો છે. પરંતુ સેકટરોની ભીતરમા હજુ પણ બિહામણી સ્થિતિ છે. જેના લીધે અનેકવિધ દુવિધાઓથી ઘેરાયેલા સેકટરવાસીઓ ગુંગળામણ અનુભવી રહ્યા છે. સે-૬ માં પણ આવી જ સ્થિતિ છે. સેકટરના પ્રશ્નોનુ લાંબા સમયથી નિરાકરણ આવતુ નથી જેના લીધે હવે સે-૬ ના રહીશો સંગઠીત થઈને સેકટરના પ્રશ્નો ઉકેલવા માટે અસરકારક રજુઆત કરશે આ મામલે રહીશોનુ સંગઠન મજબુત બને તે માટે આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ :૩૦ કલાકે સેકટરના બગીચામાં એક બેઠકનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે વિકાસની અનેકવિધ કાર્યયોજનાઓ અન્વયે વિવિધ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો સહીત જાહેર સ્થળોએ મરામત અને સુશોભનની કામગીરી થકી સમયાંતરે નગરને સોહામણુ બનાવાના પ્રયાસો કરવામાં આવે છે. પરંતુ સેકટરોની ભીતરમાં પાંગરતી દુવિધાઓનો નિકાલ ન આવતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. સેકટરોમાં એક સાંધે ત્યાં તેર તુટે તેવી પરિસ્થિતિ છે. સેકટરોમાં પાણી રસ્તા અને લાઈટના પ્રશ્નોનુ પણ હજુ કાયમી ધોરણે નિરાકરણ આવી શક્યુ નથી. સે-૬ ની હાલત પણ આવી જ છે. સેકટરમાં પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાની પોકાર પણ વારંવાર ઉઠવા પામે છે. જયારે સેકટરના આંતરિક માર્ગો પણ થોડા સમયમાં જ ઉબડ ખાબડ બની જાય છે. સેકટરમાં નવી સરકારી આવાસોનુ પણ નિર્માણ થઈ રહ્યુ છે ત્યારે આગામી દિવસોમાં સેકટરની વસતી વધશે

● અનુસંધાન પાન-૭ પર



**શ્રી સાબરકાંઠા શ્રીમાળી સોની સમાજ (બેસણું)**

**સ્વ.ડો બાબુલાલ રાયચંદદાસ સોની (ગામ-મેઢાસણ, હાલ-ગાંધીનગર)** ના ધર્મપત્ની **ગં.સ્વ.મંગળાબેન બાબુલાલ સોની** તા.૦૮-૦૨-૨૦૨૨ને મંગળવારના રોજ શ્રીજી ચરણ પામ્યા છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

**વર્તમાન પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્દગતનું બેસણું રૂબરૂ રાખેલ નથી.**

**સદ્દગતનું ટેલીફોનિક બેસણું તા.૧૩-૦૨-૨૦૨૨ને રવિવારે બપોરે ૧ થી ૩ કલાકે રાખેલ છે**

| | |
|---|---|
| **કિરીટકુમાર બાબુલાલ સોની** (પુત્ર) મો.૯૮૨૫૦ ૦૫૯૨૭ | **જીતેન્દ્રકુમાર બાબુલાલ સોની** (પુત્ર) મો.૬૩૫૨૮ ૮૮૨૩૧ |
| **પ્રતિક કિરીટકુમાર સોની** (પૌત્ર) મો.૯૫૮૬૩ ૨૨૪૪૯ | **ગીતાબેન પિયુષકુમાર સોની** (પુત્રી) મો.૬૩૫૨૮ ૯૧૨૩૬ |

**પિયરપક્ષાનું બેસણું ઉપરોક્ત સમયે રાખેલ છે**
**સ્વ.સોની છોટાલાલ સાંકળચંદ પરિવાર (માલપુર)**


એક સંપૂર્ણ ઘરનો અહેસાસ...
॥ स्वराज 9+ ॥
પ્રધાનમંત્રી યોજના દ્વારા રૂ. ૨.૬૭* લાખ સુધી સબસીડીનો લાભ મેળવો.
1 & 2 BHK LIVING SPACE & SHOPS

A PROJECT BY : NAVRATNA CORPORATION
Site : Nr. Viraj Apartment, Pethapur, Gandhinagar.
98241 75219 • 98989 98183
RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA08113/240221 • www.gujrera.gujarat.gov.in

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાઘે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · ASTRAL PIPES · PRINCE PIPING SYSTEMS · Jaquar experience bathing · DR. FIXIT · Birla White THE WHITEST WHITE CEMENT · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com